# રાજ્યની નવી ઔદ્યોગિક નીતિ જાહેર

# ઔદ્યોગિક એકમોને કેપિટલ, વ્યાજ અને પાવર ટેરિફ સહાય મળશે

**નવી** નીતિમાં અઢી લાખ કરોડનાં પ્રોત્સાહનોની જાહેરાત કરાઈ

**આગામી** 5 વર્ષમાં 10 લાખ કરોડનું રોકાણ આકર્ષવાનો અંદાજ

ગાંધીનગર : રૂ. 125 કરોડથી વધુના રોકાણ ધરાવતા લાર્જ યુનિટ, રૂ. 1,000 કરોડથી વધુના મેગા યુનિટ અને રૂ. 3,000 કરોડથી વધુના અલ્ટ્રા મેગા યુનિટ માટે કેપિટલ સબસીડી, વ્યાજ સહાય અને પાવર ટેરિફ સહાય આપવાની સાથે થ્રસ્ટ સેક્ટર્સમાં રોકાણ કરનારા એકમોને વધુ પ્રોત્સાહનો આપવા માટેની નવી ઔદ્યોગિક નીતિ રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવી છે. આ નીતિ દ્વારા રાજ્ય સરકાર આગામી પાંચ વર્ષમાં 10 લાખ કરોડનું રોકાણ કરાવશે, સાથે સાથે આશરે અઢી લાખ કરોડ રૂપિયાનાં પ્રોત્સાહનો આ નીતિ હેઠળ ઓફર કરવામાં આવ્યા છે.

ગુજરાત સરકારે વર્ષ 2047 સુધી રાજ્યને 3.5 ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા અને વૈશ્વિક મેન્યુફેક્ચરિંગ હબ તરીકે વિકસાવવા માટે મહત્વાકાંક્ષી 'વિકસિત ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ પોલિસી-2026'જાહેર કરી છે. આગામી પાંચ વર્ષ માટે અમલમાં રહેનારી આ નીતિમાં MSMEથી લઈને મેગા ઉદ્યોગો, સ્ટાર્ટઅપ્સ, મહિલાઓના ઉદ્યોગસાહસિકરણ, સંશોધન અને વિકાસ (R|D), ગ્રીન એનર્જી તથા પ્રાદેશિક વિકાસ જેવા તમામ મહત્વપૂર્ણ પાસાઓને આવરી લેવામાં આવ્યા છે. મુખ્યમંત્રી

...અનુસંધાન પાના 5 પર

### આ સેક્ટર પર ભાર મુકાયો

- **ગ્રીન એનર્જી ઈકો-સિસ્ટમ મોબિલીટી**
- **કેપિટલ ઈક્વીપમેન્ટ**
- **ટેક્સટાઇલ અને એપેરલ્સ**
- **ક્રિટિકલ મિનેરલ પ્રોસેસિંગ, રિફાઈનિંગ એક્ષ્ટ્રેક્શન, મેટલ્સ અને મિનેરલ્સ, સિરામિક**
- **ટકાઉ વિકાસ - મ્યુનિસિપલ સોલિડ - લિક્વીડ વેસ્ટ રિસાયકલિંગ ઈક્વિપમેન્ટ મેન્યૂફેક્ચરિંગ**
- **કેમિકલ્સ**
- **એગ્રો પ્રોસેસિંગ**
- **હેલ્થકેર**
- **સેમીકંડક્ટરના એન્સિલરી યુનિટ્સ**
- **ન્યૂક્લિઅર પાવર ઈક્વિપમેન્ટ**
- **વ્હિકલ સ્ક્રેપિંગ ફેસિલિટી**
- **ઈલેક્ટ્રોનિક્સ વેસ્ટ રિસાયકલિંગ યુનિટસ**
- **ટેક્સટાઈલ્સ વેસ્ટ રિયસાકલિંગ યુનિટસ**
- **શિપિંગ કન્ટેનરનું મેન્યૂફેકચરિંગ**

### પસંદગીના મુખ્ય ક્ષેત્રોની યાદી

- **સ્પોર્ટ્સ ગુડ્સ-ઈક્વિપમેન્ટનું મેન્યૂફેક્ચરીંગ**
- **રમકડાનું મેન્યૂફેક્ચરીંગ**
- **ફૂટવેરનું મેન્યૂફેક્ચરીંગ**
- **રોબોટ્સનુ મેન્યૂફેક્ચરીંગ**
- **ડ્રોનનું મેન્યૂફેક્ચરીંગ**

### સેવા ક્ષેત્રને પણ મળશે વેગ

નવી નીતિમાં IT-ITES, ફિનટેક, ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ (GCC), લોજિસ્ટિક્સ, પ્રવાસન અને નાણાકીય સેવાઓ જેવા ક્ષેત્રોને પણ પ્રાથમિકતા આપવામાં આવી છે. રાજ્યના GSDPમાં સેવા ક્ષેત્રનું યોગદાન 2011-12ના 36 ટકાથી વધીને 2023-24માં 42 ટકા સુધી પહોંચી ગયું છે. ગુજરાત માટે પરિવર્તનકારી નીતિ નવી ઔદ્યોગિક નીતિથી રાજ્યમાં વધુ વિદેશી રોકાણ, નિકાસ વૃદ્ધિ, રોજગારી સર્જન અને વૈશ્વિક સપ્લાય ચેઇનમાં ગુજરાતની ભૂમિકા વધુ મજબૂત બનવાની અપેક્ષા છે. સરકારના મત મુજબ આ નીતિ માત્ર રોકાણ આકર્ષવા માટેની યોજના નથી, પરંતુ 2047 સુધી ગુજરાતને ગ્રીન એનર્જી, ટેક્નોલોજી, મેન્યુફેક્ચરિંગ અને નવીનતાના વૈશ્વિક કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાની વ્યાપક વ્યૂહરચના છે.

### વિકાસની ગતિ સમગ્ર ગુજરાતમાં સમાન રીતે પહોંચશે: ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે નવી નીતિમાં માત્ર રોકાણ આકર્ષવા પર જ નહીં, પરંતુ રાજ્યના દરેક વિસ્તાર સુધી વિકાસનો લાભ પહોંચે તે માટે સંતુલિત પ્રાદેશિક વિકાસ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. વનબંધુ તાલુકાઓ, પછાત વિસ્તારો, અનુસૂચિત જાતિ-જનજાતિના ઉદ્યોગકારો તેમજ એમએસએમઈ (MSME) ક્ષેત્ર માટે વિશેષ પ્રોત્સાહનોની જોગવાઈ કરવામાં આવી છે, જેથી વિકાસની ગતિ સમગ્ર ગુજરાતમાં સમાન

...અનુસંધાન પાના 5 પર

### 15થી 45 ટકા સુધીના ઇન્સેન્ટિવથી રોકાણને મળશે વેગ : હર્ષ સંઘવી

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, નવી નીતિ હેઠળ વિવિધ ક્ષેત્રોના ઉદ્યોગોને 15થી 45 ટકા સુધીના આકર્ષક પ્રોત્સાહનો આપવામાં આવશે, જેના પરિણામે રાજ્યમાં નવા રોકાણો આવશે, મોટા પાયે રોજગારીનું સર્જન થશે અને ગુજરાતના યુવાનોને પોતાના વતનમાં જ ઉજ્જવળ કારકિર્દી ઘડવાની તકો મળશે. તેમણે જણાવ્યું હતું કે, માત્ર 5 ટકા જમીન અને 6 ટકા વસ્તી ધરાવતું ગુજરાત આજે દેશના કુલ ઉત્પાદનના 18 ટકાથી વધુ હિસ્સા, 40 ટકા કાર્ગો હેન્ડલિંગ અને આશરે 33

...અનુસંધાન પાના 5 પર

### સ્ટાર્ટઅપ માટે પ્રતિ માસ રૂ. 25,000 સુધીનું સબસિસ્ટન્સ એલાઉન્સ

રાજ્ય સરકાર સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમને મજબૂત બનાવવા માટે પ્રતિ મહિને રૂ. 25,000 સુધીનું સબસિસ્ટન્સ એલાઉન્સ, સીડ સપોર્ટ, વ્યાજ સબસીડી અને એક્સેલરેટર પ્રોગ્રામ સહાય આપશે. સ્ટાર્ટઅપ્સ માટે સિંગલ વિન્ડો ઇન્ટરફેસ પણ વિકસાવવામાં આવશે.મહિલા ઉદ્યોગસાહસિકો માટે વધારાની 1 ટકા વ્યાજ સહાય, 'રિટર્ન ટુ ઇન્ડસ્ટ્રી એક્સેલરેટર', કારકિર્દી વિરામ બાદ તાલીમ કાર્યક્રમો અને પાંચ વર્ષ સુધી ભાડા સહાય જેવી જોગવાઈઓ કરવામાં આવી છે.

### ઉદ્યોગ નીતિની મુખ્ય હાઇલાઇટ્સ

- **ગુજરાતનું GDP છેલ્લા 22 વર્ષમાં 20 ગણું વધ્યું**
- **રાજ્યનું GDP 329.70 અબજ ડોલર સુધી પહોંચ્યું**
- **ડિસેમ્બર-2025 સુધી 60.6 અબજ ડોલરનું સંચિત FDI**
- **2012થી 7 લાખ કરોડ રૂપિયાથી વધુનું ઔદ્યોગિક રોકાણ**
- **12.72 લાખ લોકોને સીધી રોજગારી**
- **21 થ્રસ્ટ સેક્ટર્સ અને 5 સનરાઇઝિંગ સેક્ટર્સને પ્રાથમિકતા**
- **ગ્રીન એનર્જી, સેમિકન્ડક્ટર, ડ્રોન અને રોબોટિક્સ પર વિશેષ ભાર**
- **MSMEને 35થી 45 ટકા સુધીના પ્રોત્સાહનો**
- **સ્ટાર્ટઅપ્સને રૂ.30 લાખ સુધીનું સીડ સપોર્ટ**
- **મહિલા સ્ટાર્ટઅપ્સને રૂ.30,000 માસિક સસ્ટેનેન્સ એલાઉન્સ**
- **પ્રથમ 5 R&D સેન્ટર્સને 50 ટકા CAPEX સહાય**
- **ગુજરાત રિસર્ચ એન્ડ ઇનોવેશન પાર્કની સ્થાપના**
- **વેસ્ટવોટર રિસાયક્લિંગ અને ZLD માટે વિશેષ સહાય**
- **વર્કિંગ વુમન હોસ્ટેલ અને લેબર હોસ્ટેલ માટે 80 ટકા સહાય**
- **'પ્રોજેક્ટ T.H.R.I.V.E.' દ્વારા સંતુલિત પ્રાદેશિક વિકાસ**
- **'યૂઝ યોર ઇન્સેન્ટિવ' મોડલથી ઉદ્યોગોને લવચીક પ્રોત્સાહન**
- **2047 સુધી ગુજરાતને વૈશ્વિક મેન્યુફેક્ચરિંગ અને ઇનોવેશન હબ બનાવવાનો લક્ષ્યાંક.**

### MSME માટે eFCIની 25થી 35 ટકા સુધીની કેપિટલ સબસીડી

ગુજરાતની અર્થવ્યવસ્થાના પાયારૂપ MSME ક્ષેત્ર માટે નીતિમાં વિશેષ જોગવાઈઓ કરવામાં આવી છે. માઇક્રો અને સ્મોલ એકમોને eFCIની 25થી 35 ટકા સુધીની કેપિટલ સબસીડી મળશે. ઉપરાંત ટેક્નોલોજી અપગ્રેડેશન, પેટન્ટ નોંધણી, ZED સર્ટિફિકેશન, માર્કેટ ડેવલપમેન્ટ તેમજ વીજળી અને પાણીના કનેક્શન માટે પણ સહાય આપવામાં આવશે.

### રોજગાર અને સ્કિલ ડેવલપમેન્ટને પ્રાધાન્ય

'મુખ્યમંત્રી ઉદ્યોગ રોજગાર સહાય યોજના' હેઠળ ઉદ્યોગો સાથે જોડાયેલી તાલીમ, વિદ્યાર્થીઓને હેન્ડ્સ-ઓન અનુભવ, ઉદ્યોગ-અકાદમી જોડાણ અને ભવિષ્યની ટેક્નોલોજી માટે જરૂરી કુશળ માનવબળ તૈયાર કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

## દમણ અને તિથલમાં 15 ફૂટ ઊંચાં મોજાં ઊછળ્યાં





સોમવતી અમાસના પાવન અવસરે દમણના દરિયામાં ઊંચા મોજાઓ ઉછળતા જોવા મળ્યા હતાં. ખાસ કરીને નાની દમણના નમોપથ ખાતે દરિયાનું પાણી સુરક્ષા દિવાલ સાથે જોરદાર રીતે અથડાતાં મોજા 10થી 15 ફૂટ જેટલા ઊંચાઈ સુધી ઉછળી દરિયાનું પાણી રસ્તા પર આવ્યું હતું. તો વલસાડના તિથલનો દરિયો પણ તોફાની બન્યો હતો. સહેલાણીઓએ જીવના જોખમે દરિયાના 10થી 15 ફૂટ મોજા સાથે મસ્તી કરી હતી.

### નાસીરનગરના ભૂતિયા ડિમોલિશન માટે જવાબદાર મનાતા

# પ્રોજેક્ટના બે ઈન્વિટેશન વાયરલ થતાં બિલ્ડરની રિંગ ઉઘાડી પડી

**દુઆ** સેરેમનીના નામે વાયરલ થયેલા કાર્ડમાં 23મી જૂનના કાર્યક્રમનો ઉલ્લેખ

**એક** કાર્ડમાં બિલ્ડર શૈલેષ બગદાણા અને સંજય લાખાણીનાં નામો, બીજામાં નદીમ અને અશફાક રિફાઈનાં નામો છે

સુરતઃ જેના ભૂતિયા ડિમોલિશનનો મોટો વિવાદ સર્જાયો છે તેવા વેડદરવાજાના નાસીરનગરની બાજુમાં જ બની

...અનુસંધાન પાના 5 પર

### 16 દિવસમાં મેયર 40 કાર્યક્રમમાં ગયા પણ નાસીરનગર નહીં ગયા

નાસીરનગરમાં થયેલા વિવાદાસ્પદ ડિમોલિશનને રવિવારે 16 દિવસ પૂર્ણ થયા હોવા છતાં અસરગ્રસ્ત પરિવારોની સ્થિતિમાં કોઈ નોંધપાત્ર સુધારો જોવા મળ્યો નથી. આશરે 100 જેટલા પરિવારો હજુ પણ અનિશ્ચિતતા અને મુશ્કેલીઓ વચ્ચે જીવન પસાર કરી રહ્યા છે. બીજી તરફ શહેરના પ્રથમ નાગરિક તરીકે સુરતનાં મેયર માયા માવાણી છેલ્લા 16 દિવસ દરમિયાન મેયરે અંદાજે 40 જેટલા

...અનુસંધાન પાના 5 પર

### 15 ઓક્ટોબર-2025ના રોજ સ્થાનિકોએ મનપાને રજૂઆત કરી હતી: અસલમ સાયકલવાળા

કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર અસલમ સાયકલવાલાએ તપાસ સમિતિના અધ્યક્ષ તથા ડેપ્યુટી કમિશનર એમ.એમ.ગજ્જરને પત્ર લખી નાસીરનગર ડિમોલિશન પ્રકરણમાં ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે આ સમગ્ર કાર્યવાહી પાછળ કાવતરું અને ગેરરીતિઓ હોવાનો આક્ષેપ કરતાં મનપાના છ જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓને તાત્કાલિક સસ્પેન્ડ કરવાની માંગ કરી છે. સાયકલવાલાએ તપાસ

...અનુસંધાન પાના 5 પર

### એર ઈન્ટેલિજન્સ યુનિટનું ઓપરેશન

# દુબઈથી સુરત આવેલી ફ્લાઇટમાંથી 36.89 લાખનું બિનવારસી સોનું મળ્યું

**સિલ્વર** ફિનિશવાળા કડામાંથી 238 ગ્રામ 24 કેરેટ સોનું જપ્ત

સુરત : સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગે સોનાની દાણચોરીના વધુ એક ચોંકાવનારા પ્રયાસને નિષ્ફળ બનાવ્યો છે. દુબઈથી સુરત આવેલી એર ઇન્ડિયા એક્સપ્રેસની ફ્લાઇટમાં તપાસ દરમિયાન એક ત્યજી દેવાયેલા કડામાંથી 238 ગ્રામ 24 કેરેટ શુદ્ધ સોનું મળી આવતા કસ્ટમ્સ અધિકારીઓએ તેને જપ્ત કર્યું છે.

મળતી માહિતી મુજબ, 14 જૂનના રોજ દુબઈથી સુરત આવેલા એર ઇન્ડિયા એક્સપ્રેસ ફ્લાઇટ નંબર IX-274 પર એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU) દ્વારા રૂટીન ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન વિમાનની અંદર મુસાફરોની સીટ નંબર 21B નજીક એક કાળો વેલ્વેટ પાઉચ બિનવારસી હાલતમાં મળી આવ્યો હતો.

પાઉચની તપાસ કરતાં તેમાં એક સિલ્વર રંગની ફિનિશ ધરાવતું ગોલ્ડ-કોટેડ કડું મળી આવ્યું હતું. બહારથી સામાન્ય ધાતુનું દેખાતું આ કડું અધિકારીઓને શંકાસ્પદ લાગતાં તેની વધુ તપાસ કરવામાં આવી હતી.

કસ્ટમ્સ વિભાગ દ્વારા મંજૂર મૂલ્યાંકનકાર (Approved Valuer) પાસે કડાનું પરીક્ષણ કરાવવામાં આવ્યું હતું. તપાસમાં બહાર આવ્યું કે કડાની અંદર ખૂબ જ કુશળતાપૂર્વક 24 કેરેટ શુદ્ધ સોનું છુપાવવામાં આવ્યું હતું. કડામાંથી કુલ 238 ગ્રામ સોનું બહાર કાઢવામાં આવ્યું, જેની અંદાજિત બજાર કિંમત રૂ. 36.89 લાખ હોવાનું જાણવા મળ્યું છે.

તપાસ દરમિયાન આ કડાના માલિક તરીકે કોઈ વ્યક્તિ આગળ

...અનુસંધાન પાના 5 પર

# RE-NEET પ્રશ્નપત્રના નામે દોઢ કરોડની ઠગાઈ કરી નાંખી

**પેપરની** કોઇ સામગ્રી નહીં હોવા છતાં વિદ્યાર્થી દીઠ 1000 રૂપિયા વસૂલતા હતા

**ફ્રોડની** રકમ ગેમિંગ વેબસાઇટના ખાતામાં ટ્રાન્સફર કરાવતા હતા

અમદાવાદ : RE-NEET પરીક્ષાનું પ્રશ્નપત્ર અપાવવાના નામે વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને ટારગેટ કરીને નાણાકીય ઠગાઈ આચરતા આંતરરાજ્ય સાયબર ઠગ ગેંગનો અમદાવાદ ક્રાઈમ બ્રાંચની સાયબર ક્રાઈમ સેલની ટીમે પર્દાફાશ કરી રાજસ્થાનના જયપુર અને કોટાના બે અને બિહારના એક એમકુલ ત્રણ આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં આરોપીઓના વિવિધ બેંક ખાતાઓમાં અંદાજે રૂ. 1.5 કરોડના ટ્રાન્ઝેક્શન થયાનું પણ સામે આવ્યું છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાંચના સંયુક્ત પોલીસ કમિશનર શરદ સિંઘલના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના તપાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી હતી. આરોપીઓ ટેલિગ્રામ પર RE-NEET પરીક્ષાનું પ્રશ્નપત્ર ઉપલબ્ધ હોવાનો ખોટો દાવો કરીને વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને ભ્રામક સંદેશાઓ, પોસ્ટ અને જાહેરાતો દ્વારા આકર્ષતા હતા. ત્યારબાદ પ્રશ્નપત્ર તથા અન્ય ગોપનીય માહિતી આપવાના બહાને તેમની પાસેથી એક હજાર રૂપિયા વસૂલતા હતા.

ક્રાઈમ બ્રાંચની સાયબર સેલની ટીમે વધુ તપાસમાં તપાસમાં "Raghav^ singh^neet" સહિત આશરે 8 જેટલી NEET સંબંધિત ટેલિગ્રામ ચેનલો બનાવવામાં આવી હતી, આ ચેનલો સાથે સંકળાયેલા આરોપી સુમેરસિંહ ભરતલાલ મીણા (જયપુર, રાજસ્થાન), આરોપી આકાશ પપ્પુલાલ મીણા (કોટા, રાજસ્થાન), તથા નવિનકુમાર શંકરપ્રસાદ યાદવ (રહે, ધુરિયાવા, ભરેટી બિહાર)

...અનુસંધાન પાના 5 પર




## અનાવિલ અવસાન

દિલગીરી સાથે જણાવવાનું કે મારા સુપુત્ર
સ્વ. સુખદેવ બિપીનભાઈ દેસાઈ નું
તા. ૧૫/૦૬/૨૦૨૬ ને સોમવારના રોજ અકાળે દુ:ખદ અવસાન થયેલ છે.
પ્રભુ સદ્દગતના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના

:: શોકાતુર ::

| | |
|---|---|
| સ્વ. બિપીનભાઈ મગનલાલ દેસાઈ (પિતા) (યુનાઈટેડ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ) | ગં.સ્વ.જસુબેન બિપીનભાઈ દેસાઈ (માતા) |
| આર્ય સુખદેવ દેસાઈ (પુત્ર) | હિમાની સુખદેવ દેસાઈ (પત્ની) |
| ચિરંતન બિપીનભાઈ દેસાઈ (મોટાભાઈ) | અસ્મિતા ચિરંતન દેસાઈ (મોટા ભાભી) |
| ગૌરાંગ બિપીનભાઈ દેસાઈ (નાનાભાઈ) | ફાલ્ગુની ગૌરાંગ દેસાઈ (નાના ભાભી) |
| બંકિમ હરરાઈ વશી (બનેવી) | ચારૂલતા બંકિમ વશી (બહેન ) |

ખૂશ્બુ-સાક્ષી (ભત્રીજી)

નોંધ : અમોએ બેસણું રાખેલ નથી. લૌકિક રિવાજ બંધ છે.

રહેઠાણ : ફ્લેટ નં. F-૭૦૨, સ્વપ્નભૂમિ એપાર્ટમેન્ટ, સેલિબ્રિટી ગ્રીન્સ પાછળ, રાજહંસ સિન્ફોનિયા સામે વેસુ-આભવા રોડ, સુરત.

સ્વ. સુખદેવ બિપીનભાઈ દેસાઈ
સ્વ.તા. ૧૫/૦૬/૨૦૨૬

## અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

### ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર

જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



## પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્મિત ભરેલુ જીવન જીવી ગયા,
સ્નેહથી સૌના હૈયામાં વસી ગયા,
આપ યાદ આવો હર એક વ્યવહારમાં,
ખુશીઓમાં, તહેવારોમાં,
જીવંત છો આપ અમારી સુવાસમાં.
મન હજુ માનતું નથી કે
તમે અમારી વચ્ચે નથી.
તમારી યાદો હંમેશા અમારા હૃદયમાં જીવંત રહેશે.
તમારો પ્રેમ, આશીર્વાદ અને
સંસ્કાર અમારા જીવનને
સતત માર્ગદર્શન આપતા રહેશે.
તમારી પાંચમી પુણ્યતિથિ નિમિત્તે અમે તમને
ભાવભરી શ્રધ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.

સ્વ. નેન્સી કૌશલ ઠક્કર
સ્વ .તા. ૧૬/૦૬/૨૦૨૧

આપની પ્રેમાળ સ્મૃતિમાં

| | |
|---|---|
| સ્વ. વસંતલાલ રણછોડદાસ ઠક્કર ખમણવાળા(દાદા સસરા) | ગં.સ્વ. લલિતાબેન વસંતલાલ ઠક્કર (દાદી સાસુ) |
| સ્વ. દિલિપભાઈ વસંતલાલ ઠક્કર ખમણવાળા(સસરા) | ગં.સ્વ. ચંદ્રિકાબેન દિલિપભાઈ ઠક્કર(સાસુ) |
| કૌશલ દિલિપભાઈ ઠક્કર (પતિ) | રૈયાંશ કૌશલ ઠક્કર (પુત્ર) |
| કરણ દિલિપભાઈ ઠક્કર (મોટા જેઠ) | અ.સૌ. બિનિતા કરણ ઠક્કર (મોટા જેઠાણી) |
| કૃણાલ દિલિપભાઈ ઠક્કર (જેઠ) | અ.સૌ ભાવિકા કૃણાલ ઠક્કર (જેઠાણી) |

મોનાર્ક, દક્ષ, વંશ, કનિષ્કા તેમજ સમસ્ત ઠક્કર પરિવારના જય શ્રીકૃષ્ણ... જય ભોલેનાથ...

## રેડ ક્રોસની સેવાઓ અને કામગીરીને વંદન



**"માનવતા એજ સાચો ધર્મ છે"** એ મંત્ર પર નિષ્પક્ષ અને તટસ્થ રહી લોકોની સ્વૈચ્છિક સેવા દ્વારા સ્વતંત્ર રીતે સમગ્ર સમાજ માટે કાર્ય કરતી અને વૈશ્વિક ઓળખ ધરાવતી તથા **સમગ્ર ભારતમાં સર્વ શ્રેષ્ઠ રાજ્ય શાખાનો એવોર્ડ જીતનાર ગુજરાત રેડ ક્રોસના ચેરમેન શ્રી અજયભાઈ પટેલ અને સર્વ શ્રેષ્ઠ બ્લડ સેન્ટરનો એવોર્ડ જીતનારી અમદાવાદ રેડ ક્રોસ સંસ્થાના ચેરમેન એમિરેટ્સ શ્રી મુકેશભાઈ પટેલ અને સમગ્ર રેડ ક્રોસ ટીમ**ને વિશ્વ રક્તદાતા દિવસ નિમિતે તેમની ઉત્કૃષ્ટ કામગીરી બદલ અભિનંદન.



ભારતનું સૌથી વિશાળ અને અદ્યતન બ્લડ સેન્ટર

### રેડ ક્રોસ-અમદાવાદ

- **100 % સ્વૈચ્છિક રક્તદાન**
- રક્તની અવેજીમાં રક્ત જમા કરાવ્યા વિના રક્ત
- સર્વોચ્ચ ગુણવત્તા વાળુ NAT ટેસ્ટિંગ રક્ત
- ગુજરાતનું સર્વ પ્રથમ એક્સરે ઈરેડિયેશન ધરાવતું બ્લડ સેન્ટર
- AABB 2.0 એક્રેડિટેશન ધરાવતી વિશ્વનું સર્વ પ્રથમ બ્લડ સેન્ટર
- થેલેસેમિયા સિકલસેલ એનેમીયા અને ગરીબ દર્દીઓને નિઃશુલ્ક રક્ત
- સેન્ચુરીયન ડોનર ક્લબમાં 146 શતકવીર રક્તદાતાઓ
- 5 મહિલા શતકવીર રક્તદાતા
- 2 સેન્ચુરીયન રક્તદાતા દંપતી
- 3 ડબલ સેન્ચુરીયન રક્તદાતા
- થેલેસેમિયા મેજર 1250 થી વધુ બાળકોની સંભાળ

### રેડ ક્રોસ - ગુજરાત

- 33 જિલ્લા અને 98 તાલુકા શાખા
- 26 બ્લડ સેન્ટર
- વર્ષ 2025-26માં 200000થી વધુ સ્વૈચ્છિક રક્તદાન સમગ્ર ગુજરાતના 20% રક્ત રેડ ક્રોસ દ્વારા એકત્રિત કરાયું
- 75 બ્લડ સ્ટોરેજ સેન્ટર
- બ્લડ મોબાઈલ વેન
- થેલેસેમિયા અને સિકલસેલ પ્રિવેન્શન પ્રોગ્રામ હેઠળ 42 લાખ થી વિદ્યાર્થીઓની તપાસ
- સર્વાઈકલ કેન્સર અને સ્તન કેન્સર માટે 20,000 કરતા વધુ મહિલાઓની તપાસ
- 88 પ્રધાન મંત્રી જન ઔષધિ કેન્દ્રો
- 17 ફિઝિયોથેરાપી સેન્ટર
- 12 ડેન્ટલ ક્લિનિક
- 15 રાહત દરે પેથોલોજી લેબોરેટરી
- 34000 ડિઝાસ્ટર મેનેજમેન્ટ સ્વયંસેવકો
- 500000 થી વધુ ફર્સ્ટ એડ ટ્રેઈનિંગ
- 400000 થી વધુ જુનિયર રેડ ક્રોસ અને યુથ રેડ ક્રોસ મેમ્બર્સ
- વાત્સલ્ય સિનિયર સીટીઝન હોમ
- આર્ટીફીસીયલ લિમ્બ સેન્ટર
- 5000 થી વધુ થેલેસેમિયા બાળકો ની સારવાર

•15 બ્લડ સેન્ટર NABH એક્રેડિટેશન

**છેલ્લા 63 વર્ષમાં અમદાવાદ માં 63.05 લાખ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું**

INDIAN RED CROSS SOCIETY
GUJARAT STATE BRANCH
Blood Bank and Much More

Red Cross Bhavan, Near Khadi Gram Udhyog Board, Ashram Road, Old Wadaj, Ahmedabad - 380013.